પાલજની સીમમાં કારમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૪

પાલજ ગામની સીમમાં ગાડીની અંદર તીન-પત્તીનો જુગાર રમતા પાંચ ઈસમોને ચિલોડા પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે આ પાંચેય પાસેથી રૂ. ૧.૬૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર જિલ્લાના પાલજ ગામની સીમમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમી ચિલોડા પોલીસને મળી હતી. જેના આધારે પોલીસે સ્થળ પર રેઈડ પાડીને જુગાર રમતા ઈમરાન ઈકબાલ મનસુરી, અજીત હીરાજી પરમાર, ટીનાજી ગાભાજી, જીગર કોદરભાઈ તેમજ ઈટાદરાના અમિત નાથાભાઈની ધરપકડ કરી હતી. પોલીસે આ પાંચેય શખ્સો પાસેથી રોકડ રકમ સહિત રૂ. ૧,૬૧,૫૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જુગારધારાની કલમ અન્વયે ગુનો નોંધી ચિલોડા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આંબેડકર કપ-૨૦૧૨નું ૧૬મીથી આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના જીવન શિલ્પ સંદેશ પરિવાર અને પાક્ષિક સમાચાર પત્રના સંયુકત ઉપક્રમે તા.૧૬મી એપ્રિલથી ૨૦મી એપ્રિલ ૨૦૧૨ દરમિયાન સમસ્ત અનુસૂચિત જાતિના યુવાનો માટે આંબેડકર કપ-૨૦૧૨નું સરકારી વિનયન કોલેજના મેદાનમાં, સેકટર-૧૫ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણા, પાલનપુર, સિધ્ધપુર, પાટણ, ધોળકા, અમદાવાદ, રાણીપ, વાડજ, વેજલપુર, ગાંધીનગર વગેરેની આઠ ટીમો જોડાશે અને ૨૦મી એ બપોરે ૩ થી ૬ કલાકે ફાઈનલ મેચ યોજાશે. જેમાં રસિકજનોને પધારવા આયોજકો દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર શહેરમાં સમસ્ત અનુસૂચિત જાતિ માટે 'આંબેડકર કપ-૨૦૧૨નું' આયોજન કરવામાં આવ્યું છે. આંબેડકર કપમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો છે. ૧૬મી એપ્રિલથી ૨૦મી એપ્રિલ સુધી આ ટુનામેન્ટ ચાલશે. આ ટુનામેન્ટની ફાઈનલ મેચ ૨૦મી એપ્રિલે ૩.૦૦ કલાકે રમાશે. આંબેડકર કપ ટુનામેન્ટનું ઉદ્‌ઘાટન ૧૬ એપ્રિલે સવારે ૧૦.૦૦ કલાકે મંત્રી ફકીરભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે શંભુજી ઠાકોર અને અતિથી વિશેષ તરીકે આર.એમ. જાદવ અને ગોવિંદભાઈ પરમાર ઉપસ્થિત રહેશે.

બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે આજે વિધાનસભા પોડિયમમાં મુકાયેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા તેમજ શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વિધાનસભાના ઉપસચિવ શ્રી શિરીષ મકવાણા, શ્રી બી. ડી. વસાવા, શ્રી દિનેશભાઈ વ્યાસ તેમજ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પી હતી.

સૂચિત કાનૂન સામે નરેન્દ્ર મોદીનો જોરદાર વિરોધ

બીએસએફ દેશમાં કોઈપણ વ્યક્તિની ધરપકડ કરી શકશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી નરેન્દ્રમોદીએ આજે ભારતના વડાપ્રધાન મનમોહનસિંહને ભારતના સમવાયઢાંચાની બંધારણીય ભાવનાઓ ઉપર કુઠારાઘાત કરતા અને રાજ્ય સરકારોના અધિકારો ઉપર તરાપ મારતા કેન્દ્ર સરકારના વધુ એક સૂચિત કાનૂન સુધારા સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, બોર્ડર સિક્યુરીટી ફોર્સ એકટમાં સુધારો કરીને બીએસએફ દ્વારા કોઈપણ વ્યક્તિની તપાસ અને ધરપકડ કરવાની સત્તાઓ આપવા અંગેનો સુધારો કેન્દ્ર સરકાર લાવવા માંગે છે અને આ સંદર્ભની ચર્ચા દિલ્હીમાં ૧૬ એપ્રિલે મળનારી આંતરિક સલામતી અંગેની મંત્રીઓની પરિષદમાં કરવાનો સમાવેશ એજન્ડામાં થયો છે તે અંગે મુખ્યમંત્રીએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. વડાપ્રધાનને પાઠવેલા પત્રમાં મુખ્યમંત્રીએ હકિકતનો ખાસ ઉલ્લેખ કર્યો છે કે, તાજેતરમાં નેશનલ કાઉન્ટર સેન્ટર (એનસીટીસી) અંગે એકપક્ષીય કેન્દ્રીય નિર્ણય અંગે તેમણે રાજ્યોના અધિકારોના વ્યાપક હિતમાં વિરોધ કર્યો હતો. એ જ રીતે રેલ્વેપ્રોટેકશન ફોર્સ (આરપીએફ)ને પોલીસની સત્તાઓ આપી દેવા સામેના કેન્દ્રીય કાયદાનો પણ તેમણે વિરોધ કરેલો. આમ છતાં, કેન્દ્ર સરકાર આવા કાનૂની સુધારાઓ સંદર્ભમાં રાજ્યોના સ્વાયસત્તતા ઉપર હસ્તક્ષેપ કરવા સુઆયોજિત ધોરણે પ્રયાસો કરી રહી છે તે દર્શાવે છે કે, કેન્દ્રની વર્તમાન સરકાર સંઘીય ઢાંચાને નબળો પાડવા પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાનને જણાવ્યું છે કે, આંતરિક સલામતીની રાષ્ટ્રીય પરિષદના એજન્ડામાં સ્પષ્ટપણે કેન્દ્ર સરકારે નિર્દેશ આપ્યો છે કે, બોર્ડર સિક્યુરીટી ફોર્સ માત્ર સીમાવર્તી વિસ્તારોમાં જ નહીં, પરંતુ દેશમાં કોઈપણ સ્થળે કોઈપણ ભાગોમાં પોતાની જવાબદારીઓ નિભાવવા કોઈપણ વ્યક્તિની ધરપકડ, તપાસ અને તેને કબજે લેવાની સત્તા પ્રાપ્ત કરી શકશે. તેમાં એવું પણ દર્શાવવામાં આવ્યું છે કે, સીમા સુરક્ષા બળ, ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ, કેન્દ્રીય અનામત પોલીસદળ જેવા કેન્દ્રીય સુરક્ષા બળોને માટે આ જોગવાઈઓ લાગુ પડેલી છે અને બોર્ડ સિક્યુરિટી ફોર્સને પણ આવી સત્તાઓ મળે તે માટે કેટલીક રાજ્ય સરકારો પણ સહમત થયેલી છે એવું કેન્દ્ર સરકાર આ સૂચિત કાયદામાં સુધારાના સમર્થનમાં આગળ ધરી રહી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ પત્રમાં જણાવ્યં કે, હું સમજુ છું ત્યાં સુધી બીએસએફ આપણી સરહદોની રક્ષા કરવા માટે રચવામાં આવેલું છે અને તેને યોગ્ય સત્તા અધિકારો પણ આપવામાં આવેલા છે. બીએસએફ પાસે ક્રિમીનલ પ્રોસિઝર કોડની જોગવાઈમાં હેઠળ નિર્દિષ્ટ કરેલ સરહદી વિસ્તારની મર્યાદામાં કોઈ ગુનો કરે તો તેની તપાસકરવાની સત્તા હાલ ઉપલબ્ધ છે, અર્ધલશ્કરીદળો અને લશ્કરી દળો દેશના રાજ્યોમાં મૂલ્કી સત્તાતર્ને કુદરતી આપત્તિ કે અન્ય કટોકટી વખતે કાયદો વ્યવસ્થા જાળવણીમાં સહાયરૂપ થવા વિશેષ જોગવાઈઓ હેઠળ બોલાવવામાં આવે છે, અત્યાર સુધીની પરંપરા એ રહી છે કે લશ્કરી દળોતેમની ફરજોબજાવવામાં કામિયાબ રહ્યા છે એટલું જ નહીં, સ્ટેટ રિઝર્વ પોલીસ જે રાજ્યની પોલીસના અર્ધલશ્કરી દળ તરીકે જ કાયદો વ્યવસ્થાની જાળવણીમાં સંપૂર્ણ મદદરૂપ છે તેને પણ સામાન્ય ફરજો નિભાવવામાં આ પ્રકારના ધરપકડ અને તપાસના અધીકારો આપવામાં આવ્યા નથી ત્યારે બીએસએફને દેશમાં કોઈપણ વ્યક્તિની ધરપકડ કેતપાસ કરવાનીવિશેષ સત્તા આપવા માટે કોઈ ખાસ સંજોગ ઉભા થયા નથી એમ તેમણે જણાવ્યું છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૧૦ થી ૧૬ વર્ષનાં બાળકો માટે સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અનેકવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં અને સમાજમાં વૈજ્ઞાનિક સમજ ફેલાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે. ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ હસ્તકનાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે આ સાયન્સ સેન્ટરને જિલ્લા કક્ષાનાં વિજ્ઞાન કેન્દ્રની માન્યતા આપી છે. આ સંસ્થાએ સાત વર્ષના ટૂંકા ગાળામાં વિજ્ઞાન રસીકોને વિજ્ઞાનલક્ષી અનેક કાર્યક્રમો દ્વારા લાભાન્વિત કર્યા છે.

વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મ વગેરેમાં ન વેડફી દે તે હેતુથી તા. ૧૩ મે ૨૦૧૨ થી ૨૦ મે ૨૦૧૨ દરમિયાન સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં મોડેલ રોકેટરી વર્કશોપ, ઓરીગામી વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, સાયન્સ મેજીક વર્કશોપ, ભૌમિતિક આકારો બનાવવાનો વર્કશોપ, સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થા દ્વારા મોડેલ રોકેટરી વર્કશોપ યોજાશે. ભારતનાં સ્વપ્રદેષ્ટા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈએ રોકેટ ક્ષેત્રે ઘણું સંશોધન કર્યું છે તેથી બાળકોમાં પણ રોકેટ વિશે નવું નવું જાણવાની તથા સમજવાની ભારે ઉત્કંઠા હોય છે. સાયન્સ સેન્ટર દ્વારા બાળકોને કાર્ડ પેપર, ચાર્ટ પેપરનો ઉપયોગ કરી સીગલસ્ટેજ રોકેટ, ડબલસ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ બનાવતા શીખવવામાં આવે છે. રોકેટ કેટલી ઉંચાઈએ ગયું તેની ગણતરી પણ શીખવવામાં આવશે. રોકેટ વિજ્ઞાનનાં કયાં સિધ્ધાંતો પર કાર્ય કરે છે તેની પણ વિસ્તૃત સમજ આપવામાં આવશે. રીમોટ કંટ્રોલથી રોકેટને કઈ રીતે ઉડાડી શકાય તેની પણ વિસ્તૃત સમજ આપવામાં આવશે.

એરોમોડેલીંગ વર્કશોપ : વર્કશોપમાં ભારતીય વાયુદળનાં વિવિધ ફાઈટર પ્લેન જેવા કે વસંત, ગ્રીષ્મા, સી હેરીયર, મીરાઝ, જગુઆર જેવા એરોપ્લેનનાં ટચુકડા મોડેલ કાર્ડ પેપર, કાર્ડ બોર્ડ વગેરેની મદદથી શીખડાવવામાં આવશે. તેમજ આ પ્લેનની રચના અને તે કઈ રીતે ઉડે છે તેની વૈજ્ઞાનિક સમજ પણ આપવામાં આવશે. આ ઉપરાંત હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે એક શૉનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટચુકડા વિમાનોને ઉડાડવામાં આવશે.

ટેનગ્રામ વર્કશોપ : એક જાપાનીઝ વર્કશોપ છે. આ વર્કશોપમાં એક કાર્ડ પેરપનાં ચોરસ ટુકડામાંથી લગભગ ૩૦૦ જેટલી જુદી જુદી આકૃતિઓ બનાવી શકાય છે.

અત્યારનાં સમયમાં બાળકોને ગણિત વિષય ખૂબ જ અઘરો લાગે છે તેમાં પણ ભૂમિતિમાં તો ખુબ જ કંટાળો આવે છે. ભૌમિતિક આકારો બનાવવાના વર્કશોપમાં બાળકોને કાગળમાંથી વિવિધ ભૌમિતિક આકારો જેવા કે સમચોરસઘન, લંબઘન, ત્રિકોણીય પ્રિઝમ, શંકુ, સમલંબઘન, ત્રિકોણીય પાયાવાળો પિરામીડ, નળાકાર, ષટકોણીય પ્રિઝમ વગેરે બનાવતાં શીખડાવવામાં આવશે.

ઓરીગામી વર્કશોપમાં બાળકોને કાગળમાંથી વિવિધ ફૂલો, પ્રાણીઓ, ફલાવર વાસ વગેરે શીખડાવવામાં આવશે. આ ઉપરાંત કાગળમાંથી વિવિધ વસ્તુઓ પણ બનાવતા શીખડાવવામાં આવશે.

સાયન્સ મેજીક વર્કશોપમાં બાળકોને વિવિધ જાદુનાં પ્રયોગો બતાવી તેમને પણ આ પ્રયોગો કઈ રીતે કરી શકાય તે શીખડાવવામાં આવશે.

સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓને સાયન્સનાં વિવિધ બેઝીક મોડલ જેવા કે પેરીસ્કોપ, કેલીડોસ્કોપ, હોવર ક્રાફટ વગેરે બનાવતાં શીખડાવવામાં આવશે તેમજ આ મોડેલ કયા સિધ્ધાંત પરથી કાર્ય કરે છે તેની વિસ્તૃત સમજ પણ આપવામાં આવશે.

વર્કશોપ ૧૩ મે ૨૦૧૨ થી ૨૦ મે ૨૦૧૨ દરમિયાન સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક,નં. ૬૧/૧, ધ ટાઈપ, લગ્નવાડી પાસે, સેકટર-૨૩ ખાતે યોજાશે. તેમજ વર્કશોપમાં ૧૦થી ૧૬ વર્ષના બાળકોભાગ લઈ શકશે. વર્કશોપ અંગે વધુ માહિતી હાર્દિક મકવાણા, મોબાઈલ નં. ૯૪૨૬૪૫૧૧૦૨ અથવા અનિલભાઈ પટેલ મો. ૯૩૨૭૮૩૫૨૧૫ અથવા કાર્યાલય નં. ૨૩૨૩૫૨૧૫ પર સંપર્ક કરવાથી મળી શકશે. વર્કશોપ અંગે સંપૂર્ણ માહિતી નિસર્ગ સાયન્સ સેન્ટરનાં કાર્યાલય પર સવારે ૧૧ થી ૬ કલાક દરમિયાન મળી રહેશે.

શબ્દાવલી - ૪૭૦૦



આડી ચાવી

૧. તાજ પહેરવાની-ગાદીએ બેસવાની ક્રિયા (૪)
૪. પાયલ, ઝાંઝર (૩)
૫. બિચારૂ, દયનીય (૩)
૭. પાણી ગરમ કરવાનું યાંત્રિક સાધન (૩)
૮. બાળક જન્મે કે તરત પહેલો ખોરાક ગોળ-ઘીનું પાણી અપાય તે(૪)
૧૦. મોટો પોપડો, ચણતરમાંથી પોપડું પડે તો.... પડ્યું કહેવાય (૨)
૧૧. સારા લક્ષણ ન હોય તેવી સ્ત્રીને .... કહેવાય (૫)
૧૩. ગેડ, સળ (૨)
૧૪. કુટેવ, આદત (૨)
૧૫. ....ના મરચા વખણાય (૩)
૧૬. કાર્ય (૨)
૧૭. 'કાજલ' શબ્દ આડોઅવળો (૩)
૧૮. ગુસ્સાભરી નજરથી જોવું (૪)

ઊભી ચાવી

૧. તેજી, સ્ફૂર્તિ (૩)
૨. ફતેહ, ત્રણ પાસાની રમતમાં છ-છ અને એક એમ ૧૩ દાણા (૩)
૩. મોટું વહાણ (૨)
૬. ડમરૂ, એક વાદ્ય (૪)
૯. ખૂબ થીંગડાવાળુ (૬)
૧૦. પાશ્ચાત્ય સંગીતનો એક પ્રકાર (૫)
૧૧. ઉભરાતું કે.... (૪)
૧૨. ....ડ, પાનખર, ચાર અક્ષરનું નામ જેનો છેલ્લો અક્ષર 'ડ' છે (૩)
૧૩. જરૂરિયાત, ખપ, જરૂર (૩)
૧૫. ગરમ થવું, દાઝવું તાપમાં.... (૩)

શબ્દાવલી ૪૬૯૯ના જવાબ

આડી ચાવી :- (૧) ગુલફામ (૩) કજાત (૬) કપલીન (૭) લખલૂટ (૧૦) રૂષિ (૧૧) પાઉ (૧૩) મહાત (૧૫) તલસાટ (૧૭) સભાનતા (૧૮) કોરડ (૧૯) વડા (૨૦) તરલ

ઊભી ચાવી :- (૧) ગુરુર (૨) ફાજલ (૩) કપટ (૪) જાલી (૫) તન (૮) ખરૂ (૯) મહાભારત (૧૧) પાસા (૧૨) ઉટપટાંગ (૧૩) મસકો (૧૪) તનડર (૧૬) લપડાક

પક્ષી પરબનું વિના મૂલ્યે વિતરણ

'કર ભલા હોગા ભલા' દર વર્ષની જેમ ચાલુ સાલે પણ 'પક્ષી પરબ'નું વિના મૂલ્યે વિતરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'પક્ષી પરબ' મેળવવાનું સ્થળ પ્લોટ નંબર- ૧૩૪૬/૧, સેકટર-૫/એ, ગાંધીનગર. આ અંગેની વધુ વિગતો માટે ફોન નં. ૦૭૯-૨૩૨-૪૧૮૬૯ જીગ્નેશ એ. પટેલ મો.નં. ૯૪૨૬૩૨૮૬૬૨/૬૩ પરથી મળી શકશે.

મગોડી ગામમાં મહિલાએ અગ્નિસ્નાન કરી મોતને વહાલું કર્યું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક મગોડી ગામની એક પરિણિતાએ અગમ્ય કારણોસર ગત રોજ પોતાના જ ઘરમાં શરીર પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કર્યું હતું. જેનું સારવાર દરમિયાન આજે કરૂણ મોત નિપજ્યું હતું. ચિલોડા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના ચિલોડા સર્કલ નજીક આવેલા મગોડી ગામમાં પોતાના પરિવાર સાથે રહેતા મનહરબા જગુજી બિહોલા નામની મહિલાએ ગત રોજ પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર શરીર પર કેરોસીન છાંટી દિવાસળી ચાંપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન આ દૃશ્ય જોઈ મહિલાના પરિવારજનોએ ભારે બુમાબુમ મચાવી મહિલાને બચાવવા કોશિશ કરી હતી અને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડી હતી જ્યાં ગંભીર રીતે દાઝી ગયેલી મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

ભાજપા મહિલા મોરચાનો વક્તા પ્રશિક્ષણ શિબિર આજથી કેવડીયા કોલોની ખાતે યોજાશે

અમદાવાદ, તા. ૧૪

ભાજપાના મહિલા મોરચાના અધ્યક્ષ તથા સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે તેમજ પ્રદેશ મહામંત્રી શ્રી કૌશલ્યાકુંવરબાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતમાં ભાજપાની દશકાથી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપા સરકારના પ્રજાકલ્યાણલક્ષી કાર્યો સમાજ સુધી પહોંચાડવા માટે મહિલા મોરચાના કાર્યકરો સરકાર અને સમાજ વચ્ચે 'સેતુ'ની ભૂમિકા આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભજવશે.

પ્રાયમસ ફાટતાં છાલાની પરિણિતાનું કરૂણ મોત

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લાના છાલા ગામમાં પ્રાયમસ પર 'ચા' બનાવતી વેળાએ પરિણિતા ગંભીર રીતે દાઝી જતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના છાલા ગામમાં રહેતા ૩૦ વર્ષીય રેખાબેન હાથીભાઈ ચૌધરી ગત તા. ૧૨ એપ્રિલના રોજ તેમના ઘરે પ્રાયમસ પર ચા બનાવતા હતા. આ વેળાએ અચાનક જ પ્રાયમસ ફાટતા તેઓ શરીરના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ત્વરિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાંથી તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાતા આજે બપોરે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

નરોડા પાટિયા હત્યાકાંડમાં ૩૦ જૂને ચૂકાદો જાહેર થશે

અમદાવાદ,તા.૧૪

ઓડ હત્યાકાંડના મામલામાં ચુકાદો આવી ગયા બાદ હવે ઉનેજના અન્ય કેસોને લઈને પણ વધી રહી છે. ખાસ સીટ અદાલતે નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં ટ્રાયલ પરિપૂર્ણ કરી લીધી છે. વર્ષ ૨૦૦૨માં આ હત્યાકાંડ સર્જાયા બાદથી આને લઈને ભારે હોબાળો રહ્યો છે. આ મામલામાં હવે ૬૧ આરોપીઓ સામે ૩૦મી જુનના દિવસે અંતિમ ચુકાદો જાહેર કરવામાં આવશે. આ સમગ્ર મામલામાં પણ ખૂબ જ ચકચારી બાબતો સામેલ છે. ભૂતપૂર્વ પ્રધાન માયા કોડનાની અને બજરંગદળના નેતા બાબુ બંજરંગી સામે પણ સુપ્રિમકોર્ટ દ્વારા નિમવામાં આવેલી સીટ દ્વારા ખટલો ચલાવવામાં આવ્યો છે. નિયુક્ત જજ જોસના યાગ્નિક સમક્ષ સીટ દ્વારા ખટલો ચલાવવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોધરા હત્યાકાંડ બનાવ બાદ આના પ્રત્યાઘાત રૂપે નરોડા પાટિયા હત્યાંકાડ થયો હતો. જેમાં ૯૭ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ બનાવ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ઔદ્યોગિત વિસ્તાર નરોડા પાટિયામાં બન્યો હતો. પ્રોસિક્યુશનના કેસ મુજબ ૯૪ મૃત દેહ મળી આવ્યા હતા. જે પૈકી ૮૪ લોકોની ઓળખ થઈ હતી. ત્રણ લોકો હજુ પણ લાપતાની યાદીમાં છે. સીટી ક્રાઈમબ્રાન્ચે ૪૭ લોકોની ધરપકડ કરી હતી અને ચાર ચાર્જશીટ દાખલ કરી હતી. પરંતુ સુપ્રિમકોર્ટે સીટને તપાસ સોંપી દીધા બાદ ૨૪ અન્યોની ધરપકડ કરાઈ હતી. જેમાં કોડનાનીનો સમાવેશ થાય છે. તમામ આઠ ચાર્જશીટ આ મામલામાં દાખલ કરવામાં આવી છે. હજુ સુધી બે લોકો જામીન ઉપર છે. આઠ આરોપી લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે એક વ્યક્તિને નિર્દોષ છોડી મુકવામાં આવ્યો છે. અન્ય એક આરોપી વિનોદ મરાઠે ફરાર છે. સ્પેશિયન પ્રોસિક્યુટર અખિલ દેસાઈ અને ગૌરાંગ વ્યાસે ૩૨૭ સાક્ષીઓની ચકાસણી કરી હતી. કોર્ટમાં ૫૦૦ પુરાવા રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં જુબાની આપી ચુકેલાઓમાં ૧૭૩ ભોગ બનેલા લોકોના સંબંધિ છે જે આઈ વિટનેસ છે. ૪૧ પંચ વિટનેસ છે. ૧૭ અધિકારીઓ, ૪૨ ડોક્ટરો, ૪૪ પોલીસ, એક ફોરેન્સિક નિષ્ણાંત અને ૯ અન્યો આમા જુદી જુદી રીતે સાક્ષી છે. દરમિયાન હવે ચુકાદાને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે. સુપ્રિમકોર્ટે આ મામલાની ગંભીર નોંધ લીધી હતી. સુપ્રિમકોર્ટના આદેશ બાદ સીટ દ્વારા ૯ કેસોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

ઈન્સ્પેકશન માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમાણપત્ર મેળવનાર હતી તે ઉલ્લેખનીય છે.

મેડીકલ કોલેજ માટે આગામી સમાહમાં ટીમ આવે તેવી ભરપુર શક્યતાઓ વચ્ચે તંત્ર પણ આ અંગે સંપૂર્ણ સજાગ છે. આ ઈન્સ્પેકશન બાદ તંત્ર જે ક્વેરીઓ ટીમ દ્વારા આવે તેનો ઉકેલ પણ ઝડપથી કરી અને મંજૂરી મળે તેવા પુરેપુરા પ્રયાસો માટે કટિબદ્ધ બની ગયું છે. આગામી શૈક્ષણિક સત્રથી ગાંધીનગર અને પાટણની બે નવી કોલેજો શરૂ થાય તે માટે રાજ્યના આરોગ્ય તંત્રએ પણ તે માટે સહયોગમાં કોઈ જ કચાશ રાખી નથી.

હવે હોસ્પિટલ માટે ત્રણ વર્ષનું એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવવામાં આવશે તેમ આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

કંપની સમાચાર

નોવા પલ્સ આઈવીએફે આઈવીઆઈ (સ્પેન) સાથે સંયુક્ત જોડાણની જાહેરાત કરી

નોવા મેડિકલ સેન્ટર્સ પ્રા.લિ.નો વિભાગ નોવા પલ્સ આઈવીએફે આજે આઈવીઆઈ સાથે તેની ભાગીદારીની જાહેરાત કરી હતી. આઈવીઆઈનું વડુંમથક સ્પેનના વેલેન્સિયામાં છે, જેની પાસે આઈવીએફ ક્લિનિક્સની દુનિયામાંથી સૌથી વિશાળ શૃંખલા છે. સંયુક્ત સાહસ કંપની નોવા આઈવીએઆઈ ફર્ટિલિટી તરીકે ઓળખવામાં આવશે. આ સંયુક્ત સાહસ નોવા પલ્સ આઈવીએફ અને આઈવીઆઈ માટે નોંધનીય સિદ્ધિ છે. ભારતમાં નોવા પલ્સ આઈવીએફનું દીર્ઘદૃષ્ટિ ધરાવતું મેનેજમેન્ટ અને અનુભવનું જોડાણ સાથે આઈવીઆઈની ટેકનોલોજિકલ અને સંશોધન શક્તિને લીધે નોવા આઈવીઆઈ ફર્ટિલિટી દુનિયામાં આવી સૌથી વિશાળ આઈવીએફ સેવા પ્રદાતામાંની એક છે.

આ ભાગીદારીને લીધે નોવા પલ્સ આઈવીએફ અને આઈવીઆઈ ભારતમાં કોઈ પણ આરોગ્ય સંભાળ પેઢી દ્વારા અત્યંત નોખી ઠરનારી સુવિધા એવી વીર્ય, અંડદાન અને સરોગસી માટે એઆરટી (આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજીઝ)ની રાષ્ટ્રવ્યાપી શૃંખલા સ્થાપી શકશે. માર્ગદર્શિકા અનુસાર તે પલ્સ આઈવીઆઈ એઆરટી બેન્ક નામે અલગ કાનૂની ઓળખ ધરાવશે.

કેર રેટીંગ સંસ્થા લઘુ અને સૂક્ષ્મ ઉદ્યાગો તેમજ વેપારને નવી દિશા અને માર્ગદર્શન આપવામાં સફળ

ઉદ્યાગોના વિકાસ અને રેટીંગના ફાયદા માટે સરકારી સહાય અને લાભો અંગેનું તાજતરમાં અમદાવાદના નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોશીએશનના હોલ ખાતે કેર રેટીંગ કંપની દ્વારા એનએસઆઈસી અને એસબીઆઈના સંયુકત ઉપક્રમે રેટીંગ અંગેની માહિતી આપવા માટેનું એક સેમિનાર યોજાઈ ગયો.

આ પ્રસંગે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના આસી. જનરલ મેનેજર અને બિઝનેશ હેડ (એસએમઈ) શ્રી કે. નરહરી રાવે જણાવ્યું હતું કે કેર રેટીંગ ભારતની બીજા નંબરની મોટી રેટીંગ કંપની છે. કંપનીના મુખ્ય ધારકોમાં આઈડીબીઆઈ બેન્ક, કેનેરા બેન્ક તેમજ અન્ય બેન્કો જોડાયેલી છે. કેર સેબીની હેઠળ રજીસ્ટર્ડ તથા આરબીઆઈ દ્વારા પ્રમાણિત સંસ્થા છે એનએસઆઈસીએ કેર રેટીંગ કંપની સાથે નાના તેમજ સૂક્ષ્મ લઘુ ઉદ્યાગો માટે રેટીંગ પુરું પાડવા એમઓયુ કરેલ છે. ભારત સરકારની એમએસએમઈ- ડેવલોપમેન્ટ ઈન્સ્ટીયુટના ડીરેકટરશ્રી અરવિંદ પટવારી અને એનએસઆઈસીના ઝોનલ જનરલ મેનેજર શ્રી પી.કે ઝાએ કેન્દ્ર અને રાજ્ય સરકારની અલગ અલગ સૂક્ષ્મ અને લઘુ ઉદ્યાગો માટેની યોજનાઓ દ્વારા મળતા લાભોની જાણકારી આપી હતી. ઉદ્યાગોના વિકાસ માટે એસબીઆઈના પ્રતિનિધિઓએ આ સેમીનારમાં બેંક દ્વારા મળતી જુદીજુદી સેવાઓની માહિતી આપી હતી. આ પ્રસંગે નરોડા ઈન્ડસ્ટ્રીઝ એશોસીએશનના પ્રમુખ શ્રી રાયજીભાઈ પટેલે ઉપસ્થિત ઉદ્યોગકારોને કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળતી ઉદ્યોગો અંગેની સહાયનો પૂરેપૂરો લાભ ઉઠાવવા અનુરોધ કર્યો હતો અને કેર રેટીંગ કંપનીની કામગીરીની પ્રસંશા કરી હતી.

કેર રેટીંગ કંપનીના મુખ્ય અધિકારી શ્રી અંકુર સહદેવે કંપનીના વિકાસ અને લક્ષ્યાંક અંગેની મહત્વપૂર્ણ ૧૯૯૩ થી અત્યાર સુધીની સિધ્ધિઓની માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે, રેટીંગ દ્વારા ઉદ્યાગોએ કેવી રીતે સાચી અને સારી દિશામાં વિકાસ મેળવ્યો છે. જે કંપનીઓ, ઉદ્યોગો તેમજ એકમો સાથે જોડાયેલા છે તેમને અમારા પ્રયાસો અને સહકારથી કેવી રીતે પોતાના ઉદ્યોગો અને વેપારને નવી દિશા અને માર્ગદર્શન મેળવ્યો છે તેની જાણકારી આપી હતી.

વન્ય સૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

આજે ઘણાં એવા વન્ય પ્રાણીઓ આપણી પાસે બંધનાવસ્થામાં પુરતી સંખ્યામાં ઉછેરી રહ્યા છે અને તેમને કુદરતી વિસ્તારોમાં છોડી શકાય તેટલી સંખ્યા પણ છે. પરંતુ જયાંથી આ પ્રાણીઓ લુપ્ત થયા છે. તેવા વિસ્તારોની સ્થિતિ કે ક્ષમતા એવી નથી કે તેવા જીવોને ત્યાં કુદરતી અવસ્થામાં મુક્ત કરી શકાય. આવા પ